## ફોર્મ-૨ - આધાર નોંધણી / સુધારણા ફોર્મ

**ભારતની બહારના સરનામાનો પુરાવો ધરાવતા બિન-નિવાસી ભારતીય માટે (પુખ્તવય - ૧૮ વર્ષ કે તેથી વધુ ઉંમરના માટે)**

*ફોર્મ ભરતી વખતે પાછળ દર્શાવેલ સૂચનાઓ ધ્યાને લેવી. ફક્ત અંગ્રેજી કેપિટલ અક્ષરોમાં લખો*

૧ હેતુ: ☐ નવી આધાર નોંધણી કે ☐ આધાર સુધારણા

૨ વસ્તી વિષયક માહિતી: (સુધારણા માટે જે સુધારો કરવાનો હોય તેની વિગત ભરવી)

(a) નામ:

*(કોઈપણ શીર્ષકો, માનવાચક અને ઉપનામો વગર ઓળખના પૂરાવા(POI ) માટે રજૂ કરેલ દસ્તાવેજ મુજબ વિગત ભરવી.)*

(b) જાતિ:
☐ સ્ત્રી
☐ પુરૂષ
☐ ત્રીજી જાતિ

(c) જન્મતારીખ: ☐☐☐☐☐☐☐☐ (DD/MM/YYYY) અથવા ઉંમર : ☐☐☐ વર્ષ

☐ ચકાસેલ કે ☐ જાહેર કરેલ કે ☐ અંદાજીત (ફકત વય માટે)

*(જાહેર કરેલ અથવા અંદાજિત માટે, આધાર કાર્ડ પર માત્ર જાહેર કરેલ /અંદાજિત જન્મનું વર્ષ પ્રિન્ટ કરવામાં આવશે)*

(d) ઇમેલ (ફરજીયાત):

(e) મોબાઇલ નંબર: ☐☐☐☐☐☐☐☐☐☐

3 નોંધણી/અપડેટનો આધાર: ☐ દસ્તાવેજની ચકાસણી ☐ કુટુંબના વડા દ્વારા પુષ્ટિ (HoF)

૪ **દસ્તાવેજ-આધારિત નોંધણી/અપડેટ માટે, વધારાની વસ્તી વિષયક માહિતી અને પ્રસ્તુત દસ્તાવેજો:**

*(સરનામાની માહિતી ફક્ત નોંધણી અથવા સરનામું અપડેટ કરવાના કિસ્સામાં જ ભરવાની રહેશે.)*

(a) સરનામું : Care of (વૈકલ્પિક)

| | |
|---|---|
| (b) રજુ કરેલ દસ્તાવેજોની વિગત: *(યુઆઇડીએઆઇની વેબસાઇટ અને આધાર નોંધણી કેન્દ્રોની પર પ્રદર્શિત થયેલ "માન્ય દસ્તાવેજોની યાદી/ સૂચિ" જુઓ)* | (i) ઓળખનો પૂરાવો (POI) : માન્ય ભારતીય પાસપોર્ટ |
| | (ii) સરનામાંનો પૂરાવો (POA) : માન્ય ભારતીય પાસપોર્ટ |
| | (iii) જન્મ તારીખનો પૂરાવો (PDB) (વૈકલ્પિક) : |

૫ કુટુંબના વડા (HOF) આધારિત નોંધણી અને સરનામાંના સુધારના માટે, વધારાની માહિતી અને પ્રસ્તુત દસ્તાવેજો :

(a) કુટુંબના વડા (HOF)ની વિગત: (i) નામ: આધાર નંબર: ☐☐☐☐ ☐☐☐☐ ☐☐☐☐

(ii) અરજદાર સાથેનો સંબંધ: ☐ માતા ☐ પિતા ☐ કાયદેસરના વાલી

અન્ય સંબંધ ( માત્ર સરનામાં સુધારણા માટે) ☐ પતિ કે પત્ની ☐ સંતાન /પ્રતિપાલ્ય(વાર્ડ) ☐ ભાઇ કે બહેન

(b) સંબંધના પૂરાવારૂપે રજુ થયેલ દસ્તાવેજોના પ્રકાર: (POR)

*(યુઆઇડીએઆઇની વેબસાઇટ અને આધાર નોંધણી કેન્દ્રો પર પ્રદર્શિત થયેલ "માન્ય દસ્તાવેજોની યાદી/ સૂચિ" જુઓ)*

હું ઉપરોક્ત નામના અરજદારના ઓળખની પુષ્ટિ કરું છું અને તે/તેણીએ ઉલ્લેખ કર્યા મુજબ મારી સાથે સંબંધિત છે. હું આથી સંમતિ આપું છું કે મારા આધાર નંબર સામે નોંધાયેલું સરનામું અરજદારના આધાર નંબર સામેના સરનામા તરીકે નોંધવામાં આવે.

કુટુંબના વડા (HOF) ની સહી:

૬ આધારમાં સુધારા માટેની વધારાની સૂચના:

(a) અરજદારનો આધાર નંબર: ☐☐☐☐ ☐☐☐☐ ☐☐☐☐

(b) સુધારણાની વિગત: ☐ બાયોમેટ્રીક (ફોટો, ફિંગરપ્રિંટ અને આઇરીશ) ☐ નામ ☐ જન્મતારીખ

☐ જાતિ ☐ સરનામું ☐ મોબાઇલ ☐ ઇમેલ ☐ ઓળખના પૂરાવા અને સરનામાંના પુરાવાના દસ્તાવેજોની સુધારણા

### ઘોષણા

૧. હું આથી પુષ્ટિ કરું છું અને જાહેર કરું છું કે,

(અ) રજૂ કરેલી તમામ માહિતી અને દસ્તાવેજો મારી પૂર્ણ જાણકારી અને માન્યતા પ્રમાણે સાચા છે;

(બ) હું ઉપર ટાંકવામાં આવેલ દસ્તાવેજો/માહિતીનો પુરાવો આપવા માટે હકદાર છું; અને

(ક) હું ભારતનો રહેવાસી છું (મારી નોંધણીની અરજીના તરત જ પૂર્વના ૧૨ મહિનામાં ૧૮૨ દિવસ કે તેથી વધુ સમય માટે ભારતમાં રહ્યો છું) *અથવા* હું બિન-નિવાસી ભારતીય છું (માન્ય ભારતીય પાસપોર્ટ ધરાવતો નાગરિક જે ભારતનો નિવાસી નથી).

૨. હું સમજું છું કે જો ઉપરોક્ત ઘોષણા ખોટી હોવાનું જણાય, તો મારો આધાર નંબર નિષ્ક્રિય થઈ શકે છે અને વધુમાં, કાયદા મુજબ મારી સામે પગલાં લેવામાં આવી શકે છે.

3. હું સમજું છું કે ઉપરોક્ત માહિતીનો આધાર (નાણાકીય અને અન્ય સબસિડીઝ, લાભો અને સેવાઓની લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૬ અને તેના હેઠળ બનાવેલા નિયમો અનુસાર ઉપયોગ કરી શકાય છે, જાહેર કરી શકાય છે અથવા પૂરી પાડી શકાય છે.

૪. હું આથી આવી માહિતીની તૈયારી અથવા જાળવણી સાથે સંબંધિત સત્તાવાળાઓના ડેટાબેઝમાંથી ઓળખ, સરનામું, જન્મ તારીખ અને/અથવા સંબંધનો પુરાવો આપતી માહિતી ઇલેક્ટ્રોનિક રીતે મેળવવા માટે અને ઉપરોક્ત માહિતી અથવા દસ્તાવેજો સરકારી એજન્સીઓ અને/અથવા કોઈપણ સત્તાધિકારી પાસેથી ચકાસણીના હેતુ માટે પૂરી પાડવાની સંમતિ આપું છું.

વેરીફાયર સહી : અરજદારની સહી/અંગુઠાની છાપ

વેરીફાયરનું નામ : તારીખ અને સમય :

** જો અરજદાર વિકલાંગ વ્યક્તિ હોય, જેના સંબંધમાં કાયદેસર વાલીની નિમણૂક કરવામાં આવી હોય અને આ પ્રકારનું વાલીપણું માંગવામાં આવેલી સંમતિ પૂરી પાડવા સુધી હોય તો આવા વાલી તેના સમર્થનમાં દસ્તાવેજ રજૂ કરશે અને અરજી પર સહી કરશે.*

*નોંધ:- આ ફોર્મ નો ઉપયોગ જે તારીખે ઓથોરીટી દ્વારા તેની વેબસાઇટ દ્વારા જાહેર સુચના આપેલ છે તે તારીખે અને ત્યારથી થઇ શકે છે.*

## ફોર્મ-૦૨ ભરવા માટેની સૂચનાઓ.

| ક્રમ | વિગત | સૂચના | ફરજીયાત કે મરજીયાત |
|---|---|---|---|
| ૧ | ઉદેશ્ય | માત્ર એક પર જે લાગુ પડતું હોય તેના પર ખરાં નું નિશાન (✔)કરો | ફરજીયાત |
| ૨ | વસ્તીવિષયક માહિતી: | | |
| (a) | નામ | (૧) જે લાગું પડતું હોય તે મુજબ વિગત ભરો.<br>(૨) સૌજન્ય શીર્ષક સૂચક શબ્દો જેમ કે, (મિસ્ટર, સુશ્રી,/ શ્રીમતી, શ્રી, કુમારી, થિરુ, થિરુમતી વગેરે), માનવાચક શબ્દો (ડૉ, પ્રો., સર, ન્યાયમૂર્તિ, જસ્ટિસ, રક્ષા સેવા રેન્ક, સાંપ્રદાયિક શીર્ષક વગેરે) , વ્યવસાય/લાયકાત/સેવા ( ડો.એંજીનીયર. સીએ, એડવોકેટ, આઇએએસ, આઇપીએસ, આઇએફએસ, વગેરે,), અને અન્ય ઉપનામ ( ઉર્ફે,એ.કે,એ વગેરે), શબ્દો નામ આગળ લખવા નહી.(દસ્તાવેજમાં આપેલાં હોય તો પણ નહી). | ફરજીયાત |
| (b) | જન્મ તારીખ (DOB) કે ઉંમર | (૧) જન્મ તારીખ કે ઉંમર, જે લાગુ પડતું હોય તે મુજબ વિગત ભરો.<br>(૨) "ચકાસાયેલ" , " જાહેર કરેલ", કે " અંદાજીત" માં જે લાગુ પડતુ હોય તે ફક્ત એક પર ખરાં નું નિશાન (✔)કરો<br>(૩) જો જન્મ તારીખનો પૂરાવો ઉપલબ્ધ હોય અને રજૂ કરવામાં આવેલ હોય તો "ચકાસેલ" પર ખરાં નું નિશાન (✔)કરવું.<br>(૪) જો જન્મ તારીખનો પૂરાવો ઉપલબ્ધ ન હોય તો અરજદાર " જાહેર કરેલ જન્મ તારીખ" કે: અંદાજીત" ઉંમર લખાવી શકે છે. આવા કિસ્સામાં આધારકાર્ડ પર માત્ર જન્મનું વર્ષ મુદ્રિત કરવામાં આવશે. | ફરજીયાત |
| (c) | જાતિ | માત્ર એક પર, જે લાગુ થતુ હોય તેના પર ખરાં નું નિશાન (✔)કરો | ફરજીયાત |
| (d) | ઇમેલ | લાગું પડતી વિગત ભરવી. | ફરજીયાત |
| (e) | મોબાઇલ નંબર | (૧) લાગું પડતી વિગત ભરવી.<br>(૨) બિન-ભારતીય મોબાઈલ નંબરના કિસ્સામાં, તેના પર કોઈ SMS/ટેક્સ્ટ મેસેજ મોકલવામાં આવશે નહીં. | મરજીયાત |
| 3 | નોંધણી/સુધારણા માટેનો આધાર | માત્ર એક પર, જે લાગુ પડતું હોય તેના પર ખરાં નું નિશાન (✔) કરો | ફરજીયાત |
| ૪ | *દસ્તાવેજ-આધારિત નોંધણી/અપડેટ માટે, વધારાની વસ્તી વિષયક માહિતી અને પ્રસ્તુત દસ્તાવેજો.* | | |
| (a) | સરનામું | (૧) ભરેલી વિગતો માન્ય ભારતીય પાસપોર્ટમાં આપેલી વિગતો જેવી જ હોવી જોઈએ.<br>(૨) આધાર પત્રને ઈન્ડિયા પોસ્ટ દ્વારા દર્શાવવામાં આવેલ સરનામે મોકલવામાં આવશે | ફરજીયાત |
| (b) | પ્રસ્તુત દસ્તાવેજોના પ્રકાર | (૧) રજુ કરેલ દસ્તાવેજો યુઆઇડીએઆઇની વેબસાઇટ અને આધાર નોંધણી કેન્દ્રોની પર પ્રદર્શિત થયેલ "સ્વીકાર્ય સહાયક દસ્તાવેજોની સૂચિ" માં દર્શાવેલ હોય તેમાંથી હોવો જોઈએ.<br>(૨) મૂળ દસ્તાવેજો રજૂ કરવાના રહેશે. ઈલેક્ટ્રોનિક કોપી બન્યા પછી અને અસલ નકલો સાથે તેની ચકાસણી કર્યા પછી તે પરત કરવામાં આવશે.<br>(૩) POA માટે, માન્ય ભારતીય પાસપોર્ટ એકમાત્ર સ્વીકાર્ય ઓળખનો પૂરાવો (POI) છે. | ફરજીયાત |
| 5 | **કુટુંબના વડા (HOF) આધારિત નોંધણી અને સરનામાંના સુધારણા માટે, વધારાની માહિતી અને પ્રસ્તુત દસ્તાવેજો :** | | |
| (a) | HoF ની વિગત | (૧) કૃપા કરીને (i) માં લાગુ પડતી વિગતો ભરો.<br>(૨) ફક્ત એક પર, લાગુ પડે તે (ii) માં ખરાંનું નિશાન (✔)કરો.<br>(૩) HoF-આધારિત નોંધણી માટે, HoF ની ઉંમર ૧૮ વર્ષ કે તેથી વધુ હોવી જોઈએ અને તે અરજદારના માતા, પિતા અથવા કાનૂની વાલી હોવા જોઈએ.<br>(૪) HoF-આધારિત સરનામાં માં સુધારણા માટે HoF ની ઉંમર ૧૮ વર્ષ કે તેથી વધુ હોવી જોઈએ અને અરજદારની માતા, પિતા, કાનૂની વાલી, પતિ કે પત્ની, બાળક/વાર્ડ અથવા ભાઈ કે બહેન હોવા જોઈએ. | ફરજીયાત |
| (b) | સંબંધના પુરાવાનો પ્રકાર (POR) માટે રજૂ કરેલ દસ્તાવેજ | ૧) દસ્તાવેજ યુઆઇડીએઆઇની વેબસાઇટ અને આધાર નોંધણી કેન્દ્રોની પર પ્રદર્શિત થયેલ "સ્વીકાર્ય સહાયક દસ્તાવેજોની સૂચિ" માં દર્શાવેલ હોય તેમાંથી હોવો જોઈએ.<br>(૨) મૂળ દસ્તાવેજો રજૂ કરવાના રહેશે. ઈલેક્ટ્રોનિક કોપી બન્યા પછી અને અસલ નકલો સાથે તેની ચકાસણી કર્યા પછી તે પરત કરવામાં આવશે. | ફરજીયાત |
| 6 | આધારમાં સુધારા માટેની વધારાની સૂચના: | | |
| (a) | અરજદારનો આધાર નંબર | લાગુ પડતી વિગત ભરવી. | ફરજીયાત |
| (b) | **સુધારણાની વિગત** | એક અથવા એક થી વધુ, જે લાગુ પડતું હોય, તેના પર ખરાં નું નિશાન (✔) કરો | ફરજીયાત |

## આધાર નોંધણી કેંદ્રો ખાતે નોંધણી અને સુધારણા માટેની ફી ની વિગત

| ક્રમ | સેવા | ફી/શુલ્ક |
|---|---|---|
| ૧. | નોંધણી | વિનામૂલ્યે |
| ૨. | બાયોમેટ્રીક સુધારણા (ફોટો, આંગળીઓની છાપ, બંને આંખની આઇરીશ) | (ક) જો ૫ થી ૭ વર્ષની વય વચ્ચે એક જ વખત કરવામાં આવેલ હોય તો વિનામૂલ્યે<br>(ખ) જો ૧૫ થી ૧૭ વર્ષની વય વચ્ચે એક જ વખત કરવામાં આવેલ હોય તો વિનામૂલ્યે<br>(ગ) જો અન્યથા કરવામાં આવે તો. રૂ.[૧૦૦/-] |
| ૩. | ડેમોગ્રાફિક સુધારણા (નામ, જાતિ,જન્મ તારીખ, સરનામું, મોબાઇલ નંબર, કે ઇમેલ એડ્રેસ) | (ક) જો બાયોમેટ્રિક માહિતી અપડેટ કરતી વખતે કરવામાં આવે તો: વિનામૂલ્યે (માત્ર બાયોમેટ્રિક અપડેટ માટેના શુલ્ક લાગુ)<br>(ખ) જો અલગથી કરવામાં આવે તો, તમામ અથવા કોઈપણ ડેમોગ્રાફિક માહિતી માટે રૂ.[૫૦/-] |
| ૪. | ઓળખ (POI) અને સરનામામું (POA) સુધારવા માટે (ઓળખ અને સરનામાનો પુરાવો) | રૂ.[૫૦/-] |

*[*] અરજદારના વિદેશી સરનામાં પર આધાર કાર્ડ મોકલવા માટે, આવા શુલ્ક ચુકવવાપાત્ર રહેશે કારણ કે ઓથોરીટી વેબસાઈટ પર પ્રદર્શિત કરી શકે છે.*